ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ : સવારે ૯૨ ટકા ● સાંજે ૭૬ ટકા
૨૪ કલાક દરમિયાન વરસાદ ૨૨ મી.મી.

# શહેરમાં વાદળ અને વરસાદનું આવાગમન

## દિવસ દરમિયાન વરસાદી ઝરમરિયા ચાલુ રહ્યાં : ગુરુવારે મોડી રાત્રે ખાબકેલા ૧૮ મીમી વરસાદ સાથે મોસમનો કુલ વરસાદ ૮૪ મીમી : શહેરમાં વાતાવરણ આહ્લાદક બન્યુ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ગઈ કાલે મોડી રાત્રિએ વરસાદી ઝાપટાંએ જમાવટ કરી હતી. જો કે દિવસ દરમિયાન વાદળોની આવનજાવન વચ્ચે વરસાદી ઝરમરીયા જોવા મળ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૮૪ મીમી સુધી નોંધાયો છે.

શહેરમાં દિવસ દરમિયાન આકાશમાં કયારેક કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા તો કયારેક તડકો નીકળ્યો હતો. આકાશમાં વાદળોની જમાવટને કારણે ભારે વરસાદ તુટી પડશે તેવું જણાતું હતુ પરંતુ બપોર અને સાંજના સમયે છુટક વરસાદી ઝરમરિયા અને નાના ઝાપટાં સિવાય વધુ આશા ઠગારી નિવડી હતી. જો કે ગુરુવારે મોડી રાત્રિએ વરસાદે સારી એવી જમાવટ કરી હતી અને રાત્રિ દરમિયાન આશરે ૧૮ મીમી જેટલો વરસાદ ખાબકયો હતો. આ સાથે દિવસનો કુલ વરસાદ ૨૨ મીમી જેટલો થતા કુલ વરસાદી આંકડો ૮૪ મીમીએ પહોંચ્યો હતો. રાત્રિએ પડેલા વરસાદને પગલે દિવસ દરમિયાન શહેરમાં વાતાવરણ આહ્લાદક બની જવા પામ્યું હતું. સાંજના વરસાદી છમકલાંને કારણે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા બપોરના ઉકળાટથી અકળાયેલા નાગરિકોને રાહત પહોંચી હતી.

છેલ્લા બે ત્રણ દિવસથી શહેરમાં આકાશી વાદળોની જમાવટ થાય છે અને નાગિરકોને આશા બંધાય છે કે ભારે વરસાદ ખાબકશે પરંતુ આ આશા ઠગારી નીવડે છે. એકાદ બે છુટક વરસાદી છાપટાં સિવાય હજુ ભારે વરસાદ જોવા મળ્યો નથી. આમ છતાં શહેરમાં સારો નોંધપાત્ર વરસાદ વરસી ચુકયો છે. ખાસ કરીને રાત્રિના સમયે પડેલા વરસાદી ઝાપટામાં સારો એવો વરસાદ વરસવાને કારણે દિવસે વરસેલા ઓછા વરસાદની ખોટ પુરી થઈ જવા પામી છે. એકંદરે શહેરમાં ચોમાસાની મોસમ ધીમે ધીમે જામી રહી છે અને વાતાવરણમાં ઠંડક ફેલાવા સાથે ભીની ભીની માટીની સુગંધ નાગરિકોને પ્રફુલ્લિત કરી રહી છે.



# અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાયો





એ.એ. પટેલ કોમર્સ કોલેજ, સે-૨૩, ગાંધીનગર દ્વારા એફ.વાય. બીકોમના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન શેઠ ખીમજી વિશ્રામ હોલ ખાતે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ જાણીતા મેનેજમેન્ટ ટ્રેઈનર સુરશ પટેલને વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક કાર્યો માટે સ્વાગત કરી આવકાર્યા હતા. સુરેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને 'કોલેજ એટલે શું?' વિષયની સુંદર સમજણ ઉદાહરણ દ્વારા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને કોલેજ જીવનની આ સુંદર તકને અવસરમાં બદલવા માટે હાકલ કરી હતી. ત્યારબાદ કોલેજના આસી. પ્રોફેસર ડૉ. મેહુલ પટેલ દ્વારા કોલજમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સ્પોર્ટસ, કલ્ચરલ, એનએસએસની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ધર્મેન્દ્રભાઈ પટેલ તથા પ્રા. સમીર પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# પી.એમ રૂટ પર ઢોર પકડવા ગયેલા સ્ટાફ પર ફરી હુમલો

## ખ-માર્ગ પરથી ઉઠાવેલી ગાયો છોડાવવા રિક્ષા લઈને આવેલા તત્વોએ સ્ટાફ કર્મીઓ પર હુમલો કરી ગાયો લઈ ગયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં રખડતા ઢોરો પકડતી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ ઉપર થોડા દિવસ પહેલા જ હુમલો થયો હતો અને આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. આજે વડાપ્રધાનના ગાંધીનગર આગમન દરમ્યાન પી.એમ રૂટ પર રખડતા ઢોર પકડવા ટીમ ફરતી હતી. ખ-માર્ગ પરથી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓએ ત્રણેક ગાયો પકડી હતી.. તેને છોડાવવા રિક્ષામાં એક ગેંગ આવી ગઈ હતી અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરી હુમલો કરી પકડેલી ગાયો છોડાવી ગેંગ ફરાર થઈ ગઈ હોવાની ઘટના ધ્યાને આવી છે.

થોડા દિવસ અગાઉ ઢોર પકડ પાર્ટી પર હુમલો થયાની ઘટના બની હતી તેની તપાસ હજુ પોલીસે પુરી કરી નથી ત્યા ફરીથી આ જ સ્ટાફ પર હુમલો થયાની ઘટના સામે આવી છે. વડાપ્રધાન રૂટ પરથી રખડતા ઢોર હટાવવા મહાનગર પાલીકાની ઢોર પકડ પાર્ટીની ટીમ આજ સવારથી સક્રીય હતી તે દરમ્યાન ખ-માર્ગ પર ફરતી છ ગાયો ધ્યાને આવી હતી. તે પૈકી ત્રણ ગાયોને પકડીને ટીમે ઢોર ડબ્બામાં ભરી દીધી હતી. અન્ય ત્રણ રખડતી ગાયો પકડવા કર્મચારીઓ આગળ ગયા ત્યારે એક રિક્ષામાં કેટલાક શખ્સો આવી પહોંચ્યા હતા અને કર્મચારીઓ સાથે ગાળાગાળી કરીને કર્મચારીઓ પર હુમલો કરી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. જો કે આ મામલે મોડી સાંજ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

# સેકટર-૩-એ ન્યુમાં છેલ્લા ઘણા સમયથી અંધાર પટ

ગાંધીનગર શહેરના સેકટર-૩-એ ન્યુ ખાતો છેલ્લા અઠવાડીયાથી સ્ટ્રીટ લાઈટ બંધ છે. જેથી રાત્રીના અવરજવરમાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનાથી સ્ટ્રીટ લાઈટના પોલ નં. ૦૦૧૨, ૦૦૮ બંધ રહેતા હોવાથી વારંવાર રજુઆત કરેલ છે તો આ સમસ્યાનું તાત્કાલિક નિવારણ લાવવા વિનતી છે. સાથે સે-૩-એ ન્યુ ઘ-૧ થી ઝાડી છે તેને પણ ટ્રીમ કરવા વારંવાર ફોરેસ્ટ ખાતામાં રજુઆત કરેલ છે તથા એ જમીન પર કચરાના ઢગલા પણ છવાઈ રહ્યા છે. અત્યારે ચોમાસાને પગલે જીવજંતુ-મચ્છરના કારણે બીમારી ફેલાય તેવી શકયતા છે તથા કોમન પ્લોટોમાં વરસાદી પાણી ભરાઈ રહે છે તો તેમાં માટી નાંખી પુરાણ કરવા બાબતે પણ વસાહતીઓની માંગ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરીત મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા પ્રત્યે નાગરિકોમાં સારી એવી જાગૃતિ ફેલાઈ રહી છે. આમ છતાં હજુ પણ આ બાબતે વધુ જાગૃતિની જરૂર જણાય છે. એ માટે સરકારમાં ચુંટાયેલા પ્રતિનિધિઓ વારંવાર પોતે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ નાગરિકો માટે ઉદાહરણ પ્રસ્તુત કરતા રહે છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલ સે-૧૩માં યોજાયેલ સ્વચ્છતા અભિયાનમાં સાફ સફાઈ કરતા નજરે ચઢયા હતા.



# રીલાયન્સ ચોકડી આગળના સર્વિસ રોડ પરથી પાર્કીંગ તથા બમ્પ દૂર કરવા બાબત

ગાંધીનગર, તા.૩૦

ન્યુ ગાંધીનગરના કુડાસણમાં રીલાયન્સ ચોકડી ખાતે ડોમીનોઝ પીઝાથી કૃષ્ણકુંજ-વૃંદાવન બંગ્લોઝ સર્વિસ રોડ પર ડોમીનોઝ પીઝા તથા અન્ય દુકાનદારો તથા ગ્રાહકો દ્વારા સર્વિસ રોડ ઉપર વાહનો પાર્ક કરી આખો રોડ બંધ કરી દેવામાં આવે છે જેથી સર્વિસ રોડનો કોઈ જ હેતુ જળવાતો નથી. તેમજ આ સર્વિસ રોડ ઉપર બિલ્ડર દ્વારા બિન અધિકૃત બમ્પ બનાવેલ છે જેને તાત્કાલીક દૂર કરવા રાધે ક્રિસ્ટલ સોસાયટીના ચેરેમનશ્રીએ શહેરી વિકાસ સત્તા મંડળને રજુઆત કરેલ છે.

# આઈ લવ માય ગાંધીનગર



**નિલેષ પ્રજાપતિ**

**ફોટોગ્રાફર**

**ગાંધીનગર ગમે**

કુદરતની સુંદરતારૂપી બક્ષિશ અને અનેકવિધ પ્રવૃત્તિઓના ધમધમાટને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સરળ તેમજ કલા અને સંસ્કૃતિપ્રેમી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આર્ષ-અક્ષરધામ, જી ઈ ક્લબ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, જાહેર શિસ્ત બાબતે ઠોસ કામ થાય અને નગર વિકાસ માટે યુવાવર્ગનો સહયોગ લેવામાં આવે તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

સેવાકાર્યો માટે નગરને મારી સહાય આપવા હું તૈયાર છું.

# વૃક્ષારોપણ થકી 'સુરી' સિરીયલના ૫૦૦ એપિસોડની ઉજવણી





ગાંધીનગરના ઉડાન ફાઉન્ડેશન દ્વારા શહેરને ફરી એક વાર હરિયાળુ બનાવવાની નેમ સાથે આજે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જાણીતી ગુજરાતી ટીવી સિરીયલ 'સુરી'ના કલાકાર જનક ઠક્કર દ્વારા તેમની સિરીયલને ૫૦૦ એપિસોડ પુરા થવાની ખુશીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૩ની સરકારી પ્રાથમિક શાળાના સંકુલમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં બાળકોને ચોકલેટસ પણ વહેંચવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ટીવી અભિનેતા જનક ઠક્કર ઉપરાંત શાળાના બાળકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે બાળકોને વૃક્ષોનું જતન કરવા પ્રેરિત કરાયા હતા. આ પ્રસંગે સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા સહિત શૈલેન્દ્ર ઠાકોર, વિજયસિંહ માજીરાણા અને શાળાના આચાર્યા હંસાબેન પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોએ વૃક્ષારોપણ કરવાનો આનંદ હોંશે હોંશે માણ્યો હતો.

# એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં સ્વ-જાગૃતિ વિષે પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં આજે ધો-૧ થી ૪ના વિદ્યાર્થીઓમાં સારી ટેવોનો વિકાસ કેવી રીતે થાય તેના વિષે પી.પી.ટી. દ્વારા બાળકોને જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટા સાથે કઈ રીતે વર્તન કરવું, ગુસ્સો કોઈના પર ન કરવો, કોઈનો ડર ન રાખવો, સાચું બોલવું વગેરે વિશે બાળકોને શિક્ષકોએ પી.પી.ટી. દ્વારા સમજાવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# હોસ્પિટલની આધુનિક ઓપીડીમાં દર્દીઓને વ્હીલચેરના ફાંફા

## સિવિલ તંત્ર દ્વારા દરેક મજલે સ્ટ્રેચર, ટ્રોલી અને વ્હીલચેર માટે જગ્યા ફિકસ છે, પરંતુ એકપણ સાધનો ત્યાં મુકવામાં આવતા નથી



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આધુનિક ઓપીડી બિલ્ડીંગ તૈયાર કરાઈ છે, પરંતુ દર્દીઓને મળતી સુવિધાના નામે મીંડુ છે. નવી બિલ્ડીંગમાં દરેક મજલે દરેક વિભાગની ઓપીડી પાસે ખાસ સ્ટ્રેચર, ટ્રોલી અને વ્હીલચેર માટે જગ્યા નિયત કરાઈ છે. પરંતુ નિયત જગ્યા પર ગણી ગાંઠી પણ વ્હીલચેર હોતી નથી. જેથી દર્દીઓને ઈમરજન્સી તેમજ અન્ય વોર્ડમાંથી વ્હીલચેર લાવવી પડે છે અથવા દર્દીને ગમે તે રીતે ચાલીને ઓપીડી સુધી પહોંચવુ પડે છે. તેવી સ્થિતિમાં આજે સિવિલ હોસ્પિટલમાં અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં પ્રથમ માળે મેડીસીન ઓપીડીમાં સારવાર માટે આવેલ દર્દી લાઈનમાં બેઠો હતો તે દરમિયાન અચાનક તબિયત બગડતા દર્દી ઢળી પડતા તાત્કાલીક સારવાર વિભાગ ખસેડવામાં આવ્યો હતો. ત્યારે ઓપીડીમાં ફરી કોઈવાર આ પ્રકારની ઘટના બને તે પહેલા તંત્ર દ્વારા વ્હીલચેર કે સ્ટ્રેચર મુકવામાં આવશે કે કેમ.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર હોસ્પિટલ હાઈટેક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે. મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો કરાયો છે. પરંતુ સુવિધા દર્દીઓ સુધી પહોંચતી નથી તેવુ લાગી રહ્યું છે. સિવિલ તંત્ર દ્વારા ઓપીડી બિલ્ડીંગમાં દરેક માળે વિવિધ ઓપીડીની બાજુમાં ચોક્કસ જગ્યા વ્હીલચેર, ટ્રોલી અને સ્ટ્રેચર માટે ફાળવવામાં આવી છે. પરંતુ આ સ્થાન પર વ્હીલચેર કે સ્ટ્રેચર નજરે પડતુ નથી. તમામ ઓપીડી ફરો ત્યારે માંડ ગણતરીપૂર્વક વ્હીલચેર મળે તેવી સ્થિતિ છે. ત્યારે બિમાર અશકત દર્દીઓને ઓપીડી બિલ્ડીંગમાં ચાલીને જવાની ફરજ પડે છે. જેને પગલે દર્દીઓની હાલત કફોડી બની જાય છે. ત્યારે દર્દીઓની ગંભીરતાને ધ્યાને લઈને સિવિલ તંત્ર દ્વારા ઓપીડી વિભાગમાં સત્વરે વ્હીલચેર, ટ્રોલી તેમજ સ્ટ્રેચર મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# @ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા સે-૨૮ દત્ત મંદિર ખાતે આનંદનો ગરબો બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા સાપ્તાહિક સત્સંગનું આયોજન બલરામ ભવન, ઉમિયા મંદિર પાસે, સે-૧૨ ખાતે રાત્રે ૮ થી ૧૦ કલાકે યોજાશે.

● ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર તથા સંસ્કૃતિ સંસ્થાના સંયુકત ઉપક્રમે 'હાલો હાસ્યની હેલીએ ભીંજાઈએ' કાર્યક્રમ સે-૧૭ ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૧૫ કલાકે યોજાશે.

● શ્રી એસઆરપી ગૃપ દ્વારા તાવરીયાજી નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસન ક્રિયા કાર્યક્રમ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન યોગ હોલ, જૂના સચિવાલય બ્લોક નં. ૮ ખાતે યોજાશે.

# વાતવાતમાં

● દિવસભર શહેરમાં જીએસટીની ચર્ચા 'ટૉક ઓફ ધ ટાઉન' રહી હતી અને ડૉકટર્સ, વકીલ, એન્જિનીયર જેવા પ્રોફેશનલ્સો પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસને ફોન કરી જીએસટી નંબર લેવા શું કરવું તે અંગે પૃચ્છા કરી હતી. બીજી તરફ ગાંધીનગરના સે-૨ના શોપીંગ સેન્ટરના વેપારીઓએ જીએસટીના વિરોધમાં બંધ પાળ્યો હતો.

● જીએસટીના કારણે ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓ મોંઘી થશે તે આશંકાએ શહેરના ઈલેકટ્રોનિકસ ચીજવસ્તુઓના શો-રૂમ પર ગ્રાહકોનો ધસારો જોવા મળ્યો હતો જયારે બીજી તરફ ઓટોમોબાઈલ સેકટરમાં ગાડી-બાઈક વગરેના ભાવો ઘટવાના હોઈ તેનું બજાર મંદ રહ્યું હતું. વળી મોબાઈલ કંપનીઓના ઓથોરાઈઝડ સર્વિસ સેન્ટરો પર સ્ટોક ગણતરી હાથ ધરાઈ હોવાથી મોબાઈલ રીપેરીંગના કામો અટકયા હતાં.

# કુડાસણ ટીપી નં. ૯ રોડ વિસ્તારમાં બિન અધિકૃત બમ્પ હટાવવા માંગણી

ગાંધીનગર, તા.૩૦

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેના ટીપી સ્કીમ નં. ૯માં બનાવવામાં આવેલ રોડ ઉપર બિન જરુરી અને વધુ પ્રમાણમાં બમ્પ બનાવવામાં આવેલ છે જેથી સ્થાનિક રહીશોને અતિ પરેશાની થાય છે. સિનિયર સિટિઝનોને તથા કમરના મણકાના દર્દ માટે આ બમ્પો ખતરનાક જીવલેણ સાબિત થયેલ છે.

કૃષ્ણકુંજ સોસાયટી આગળનો બમ્બ, સરદાર પટેલ ચોકથી શિવાલય પરિસરના બમ્પો તેમજ રાધે ૧૧૧ બેંક ઓફ ઈન્ડિયાથી સત્કાર હોલના રોડના બમ્પો તાકીદે દુર કરવા ધી રાધે ક્રિસ્ટલ સોસાયટીના રહીશો, ચેરમેનશ્રીએ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ સમક્ષ રજુઆત કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. દશરથસિંહ મગનજી વાઘેલા, ઉ.વ. ૭૦
- સ્વ. લાલસિંહ તખતસિંહ ડાભી, ઉ.વ. ૪૦
- સ્વ. સવિતાબેન ચંદ્રકાન્ત પ્રજાપતિ, ઉ.વ. ૬૦
- સ્વ. જેઠીબેન રાજુભાઈ ચૌહાણ, ઉ.વ. ૮૨
- સ્વ. તારાબેન રમેશજી ઠાકોર, ઉ.વ. ૩૨